ખેડુતોનો રોષ સરકાર માટે મુશ્કેલ બનવાના સંકેત

સાબરકાંઠા-અરવલ્લીમાં ખેતી વિષયક વીજળીના ધાંધીયાથી ધરતીપુત્રો લાલઘૂમ

વારંવાર વીજળી વેરણ બનતાં આંદોલનની ચીમકી

રાજ્યમાં એકાએક ખેતી વિષયક વીજળીમાં વીજકાપ અમલી બનતાં ધરતીપુત્રો રોષે ભરાયા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગામેગામ વીજ ધાંધીયાથી ખેડૂતોમાં રોષ વધી રહ્યો છે. ખેડૂતોનો રોષ સરકાર માટે મુશ્કેલ બને તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લાના ૮૦ થી વધુ ફીડરોમાં લોડશેડીંગના ધાંધીયા હોવાના અહેવાલ છે.

કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખેડૂતોના તારણહાર તરીકે ઉભરી રહ્યા છે. ખેડૂતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવ મળે તેવા સતત પ્રયાસ થઈ રહ્યા છે. ગુજરાત પણ ખેડૂતોના કારણે કૃષિ વિકાસ દરમાં અગ્ર હરોળમાં રહેતા ગુજરાત મોડેલમાં તેનો ઉમેરો થયો છે. દેશમાં કોલસાની અછતના અહેવાલ અને તે પહેલાં રાજ્યમાં મુખ્યમંત્રી અને પ્રધાનમંડળ આખેઆખું બદલાઈ જતાં પ્રજા અને ખેડૂતોમાં પોતાના કામ ઝડપી અટોપાશે તેવો વિશ્વાસ બેઠો છે પરંતુ દેશમાં સૌથી વધુ વીજ ઉત્પાદન કરતા ગુજરાતમાં છેલ્લા કેટલાંક સમયથી વીજળીના ધાંધીયાએ સૌને પરેસાન કરવાની શરૂઆત કરી છે. જ્યારે ધનસુરા તાલુકાના આકરૂન્દના ખેડૂત કનુભાઈ પી. પટેલ, બાયડના ખેડૂત ધર્મેન્દ્રભાઈ પટેલ, માલપુર, મેઘરજ, ઉભરાણ, ઈડર વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું કે અમે સમયસર વીજ પુરવઠો મળતો હોવાનું જાણી ખેતરમાં જઈએ છીએ અને ત્યાર પછી શરૂ થાય છે વીજળીના ધાંધીયા જેથી સાથે લાવેલા શ્રમજીવીઓનું દૈનિક વેતન પણ માથે પડી રહ્યું છે. જિલ્લાના હજારો ખેડૂતોએ આક્રોશ સાથે એક જ સૂરમાં જણાવ્યું કે ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં વીજકાપ અને ટ્રીપીંગના કારણે વીજપુરવઠો વેરણ બન્યો છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલશે તો ખેડૂતો રવી ખેતીથી મોં ફેરવી લેશે. જ્યારે કેટલાંક ખેડૂતોએ તો સરકાર ઉપર આરોપ લગાવ્યો છે કે ખેડૂતોને અપાતો વીજ પુરવઠો ઉદ્યોગગૃહોને ફાળવીને ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે. જિલ્લાના વીજ કર્મીઓ અને અધિકારીઓ પણ ખેડૂતોના વધતાં આક્રોશથી હવે ફીલ્ડમાં જતાં ડરી રહ્યા છે.

મોડાસા પોલીસને ચેલેન્જ : લિઓ પોલીસ ચોકીની ૫૦ મીટર દૂર

બે દુકાનમાં તસ્કરો ત્રાટક્યા, બે દિવસમાં ૫ દુકાનોમાં ચોરીની ઘટના

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીએ જમાવટ કરી હોય તેમ સતત ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે શિયાળાની શરૂઆત થતાની સાથે શહેરમાં તસ્કરોએ તળખળાટ મચાવતા વેપારીઓ ભારે ચિંતિત બન્યા છે મોડાસા ટાઉન પોલીસને તસ્કરો ખુલ્લેઆમ ચેલેન્જ આપી રહ્યા હોય તેમ બે દિવસમાં ૫ દુકાનોમાં ચોર ત્રાટકી હજજારો રૂપિયાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા મોડાસા લિઓ પોલીસ ચોકીની પાછળ અજંતા કોમ્પ્લેક્ષમાં આવેલી બે દુકાનો ત્રાટકી ચોરોએ દુકાનમાં રહેલો માલસામાન રફેદફે કરી દીધો હતો જો કે દુકાનમાં રોકડ રકમ

ન મળતા તસ્કરોને હાથફેરો માથે પડ્યો હતો.

મોડાસા શહેરમાં બે દિવસ અગાઉ ત્રણ દુકાનમાં ૪૦ હજારથી વધુની ચોરીની ઘટનાને અંજામ આપનાર તસ્કરોનું પગેરું હજુ પોલીસ શોધી રહી છે અને ગણતરીના કલાકોમાં પોલીસને તસ્કર ટોળકી ખુલ્લી ચેલેન્જ આપી રહી હોય તેમ લિઓ પોલીસ ચોકીને અડીને આવેલા અજંતા કોમ્પ્લેક્ષમાં ઓનલાઈન ફોર્મ ભરવાની બે દુકાનોના શટરના તાળા તોડી દુકાનમાં હાથફેરો કરતા પોલીસ જાણે ઉઘતી હોય અને તસ્કરો જાગતા હોય તેવો ઘાટ સર્જાયો છે ચોરની ઘટનાનો ભોગ બનેલા વેપારીએ પોલીસને જાણ કરતા પોલીસે ૧૦ વાગ્યા પછી પોલીસ આવશે તેમ જણાવતા વેપારીઓ પણ સમસમી ઉઠ્યા છે પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે શહેરના વેપારીઓએ ટાઉન પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવી તસ્કર ટોળકીને ઝડપી લે તેવી માંગ પ્રબળ બની છે.

બાયડમાં ગેરકાયદે ધમધમતો પશુઓનો વેપલો-આડેધડ વાહન પાર્ક કરાતાં અકસ્માત વધ્યા

બાયડમાં ચોઈલા રોડ ઉપર છેલ્લા ૭ વર્ષથી ગેરકાયદે પશુઓનો વેપલો ધમધમી રહ્યો છે. ખાસ કરીને મંગળવારે પશુ ખરીદવા માટે સેંકડો પશુપાલકો આવતા હોવાથી આડેધડ વાહન પાર્ક કરાતાં છેલ્લા ૫ મહિનામાં સર્જાયેલા ૬ માર્ગ અકસ્માતમાં ૨ના મોત નીપજ્યા છે. વહીવટી તંત્રની પરપ્રાંતિયો સાથે મીલીભગતના ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે. બાયડ પ્રાંત અધિકારી દ્વારા ચોઈલા રોડ ઉપર ઉભા કરાયેલા ગેરકાયદેસર તબેલાઓની ખરાઈ કરાવવામાં આવે તો આસપાસની સોસાયટીના રહીશોએ માંગ કરી છે. પશુઓના ખરીદ-વેચાણનું બજાર બાયડમાં ધમધમી રહ્યું છે. આમ તો પશુઓના વેચાણ માટે કાયદેસરની પરવાનગી લેવાની હોય છે. બાયડમાં વહીવટી તંત્રની મોટાપાયે મીલીભગતથી પરપ્રાંતિયો પંજાબ-હરિયાણાથી એચ.એફ. ગાયો લાવી દલાલો મારફતે વેચાણ કરે છે બાયડના વ્યાજખોરો તેમાં કરોડો રૂપિયાનું રોકાણ કરેલું છે.

અરવલ્લીની દીકરીની અંતરિક્ષમાં હરણફાળ

NASAએ કર્યું સન્માન, પ્રાચી વ્યાસે ૬ માસમાં શોધ્યા ૧૨ લઘુગ્રહ શોધ્યા

મોડાસા તાલુકાના બોલુન્દરા ગામની પ્રાચી મારુતભાઈ વ્યાસે એમ એસ સી વિથ રિસર્ચમાં અભ્યાસ કરીને અંતરિક્ષમાં લઘુગ્રહ સંશોધનના બે પ્રોજેક્ટ પુરા કર્યા છે.બે પ્રોજેક્ટમાં ૧૨થી વધુ લઘુ ગ્રહ શોધીને તેમજ મંગળ ગ્રહ થી ગુરુ ગ્રહ વચ્ચે લઘુગ્રહના શોધની સિદ્ધિ હાંસિલ કરી છે.નાસા દ્વારા પ્રાચીને પ્રમાણપત્ર આપી સન્માનીત કરી હતી પ્રાચી વ્યાસે કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સની જેમ અંતરિક્ષમાં જવાની મહેચ્છા હોવાનું જણાવ્યું હતું પ્રાચી વ્યાસે અંતરિક્ષમાં ૧૨ થી વધુ ગ્રહો શોધી સમગ્ર વિશ્વમાં દેશ અને ગુજરાતનું નામ ગુંજતું કર્યું છે અરવલ્લી જીલ્લાની દીકરીઓ અંતરિક્ષ ક્ષેત્રે હરણફાળ ભરી રહી છે ત્વિશા પટેલ પછી પ્રાચી વ્યાસે અરવલ્લી જીલ્લાની ગૌરવ વધારતા ઠેર ઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુંદરા ગામના પ્રાચી મારુતભાઈ વ્યાસે અંતરિક્ષમાં લઘુગ્રહનું સંશોધન કરી નાસાના પ્રમાણપત્ર મેળવ્યા છે.અગાઉ ૩ માં થી ૨૮ માં સુધી એક પ્રોજેક્ટ પૂરો કર્યો હતો બાદમાં ૧ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બરમાં લઘુગ્રહોના અભ્યાસનો આ પ્રોજેક્ટ યુવતીએ પૂરો કર્યો છે.મંગળ ગ્રહ અને ગુરુ ગ્રહ વચ્ચે એસ્ટરોઈડ બેલ્ટ એટલે કે લઘુગ્રહનો પત્તાનું સંશોધન આ યુવતીએ કર્યું છે.એસ્ટ્રોનોમી પ્રાચી વ્યાસને ખોજ નામની સંસ્થા મારફતે અંતરિક્ષમાં લઘુગ્રહોના અભ્યાસ માટે ફોર્મ ભર્યું હતું.દરમિયાન ઈન્ટરનેશનલ એસ્ટ્રોનીમીક્સ સર્ચ કોલોબ્રેશન અને નાસા દ્વારા સોફ્ટવેર અને ડેટા મોકલવામાં આવ્યા હતા.જેના આધારે દરરોજ પાંચ થી ૬ કલાક સુધી પ્રાચી દ્વારા સંશોધન કરવામાં આવ્યું હતું.બાદમાં બે પ્રોજેક્ટમાં ૧૨ થી વધુ લઘુ ગ્રહો શોધીને સિદ્ધિ હાંસલ કરનાર પ્રાચી વ્યાસને સન્માન સાથે નાસાએ બે સર્ટિફિકેટ એનાયત કર્યા છે.

પ્રાચી વ્યાસે મેં મહિનામાં પ્રોજેક્ટની કામગીરી દરમિયાન મંગળ અને ગુરુ ગ્રહ વચ્ચે ૮ લઘુગ્રહો શોધ્યા છે.જયારે બીજા પ્રોજેક્ટના સંશોધનમાં ૪ લઘુગ્રહ શોધ્યા છે.મંગળ અને ગુરુ વચ્ચે લાખો એસ્ટ્રોઈડ હોય છે.જે પથ્થર,બરફ અને હવાના હોય છે.આ એસ્ટ્રોઈડ પૃથ્વીની નજીક આવતા હોય છે તેનું કદ સંખ્યા સહિતની સંશોધનની કામગીરી કરવામાં આવી હતી.

મોડાસાના બોલુંદરાની પ્રાચી વ્યાસના માતા-પિતા દ્વારા સતત આત્મ વિશ્વાસ દીકરીનો વધારવામાં આવ્યો હતો.રાત્રીના બે વાગ્યા સુધી આકાશમાં ગ્રહોની દુનિયામાં સંધોધનમાં રહેતી દીકરીને સંપૂર્ણ સહકાર માતા-પિતાનો રહ્યો છે.

પ્રાચીના પિતા મારુત વ્યાસના જણાવ્યા અનુસાર નાની ઉમરથી જ પ્રાચીને અવકાશ પ્રત્યે લગાવ હતો સતત આકાશનું નિરીક્ષણ કરી વિવિધ પ્રશ્નો પૂછતી રહેતી હતી જો કે ધો-૯ થી પ્રાચીને અતંરિક્ષની દુનિયામાં વધુ રસ રહ્યો છે.એમ એસ સી વિથ રિસર્ચનો અભ્યાસ કરી રહેલી દીકરીનું સપનું કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સની જેમ અવકાશ યાત્રી બનવાનું છે.

બાયડના ડૉ. પથિક પટેલએ પીડીકેટ પરીક્ષામાં દેશભરમાં ઉરમો રેન્ક મેળવી ઈતિહાસ સર્જ્યો

બાયડ(બ્યુરો ઓફિસ), તા.૨૨

બાયડના ડૉ.પથિક જયંતિભાઈ પટેલે ગત સપ્ટેમ્બરમાં લેવાયેલ પોસ્ટ ડિપ્લોમાં કેટ પરીક્ષામાં સમગ્ર દેશમાં ઉરમો રેન્ક મેળવી ઈતિહાસ રચ્યો છે. રાજયમાં તે પ્રથમ સ્થાને હોવાનું પણ જાણવા મળ્યું છે એક પછી એક બાયડના આશાસ્પદ ડૉક્ટર યુવાનો બાયડને સમગ્ર દેશમાં ગૌરવવંતુ સ્થાન અપાવી રહ્યા છે.

શિક્ષણની સાથે મેડિકલ નગરી તરીકે ઉભરી રહેલા બાયડના અનેક પ્રતિભાશાળી યુવા ડૉક્ટરોની ટીમ તૈયાર થઈ રહી છે. મોટાભાગે ડૉક્ટરના સંતાનોએ યશસ્વી દેખાવ જાળવી રાખીને આવનારા દશકામાં બાયડ સમગ્ર ઉત્તર ગુજરાતનું પ્રથમ હરોળનું મેડિકલ સેન્ટર બનવા તરફ જઈ રહ્યાનો પથ પથરાઈ રહ્યો છે. તાજેતરમાં બાયડના ડૉક્ટરો દ્વારા અદ્યતન સીટીસ્કેન અને એમ.આર.આઈ. સેન્ટર શરૂ

રાજયમાં પ્રથમ સ્થાને..!

થતાં દર્દીઓના પૈસા અને સમયનો બચાવ થઈ રહ્યો છે. અનેક પ્રતિભાશાળી ડૉક્ટર યુવાનોએ એમ.બી.બી.એસ.ની પદવી ઉચ્ચ મેરીટ સાથે મેળવ્યા પછી હવે એમ.ડી., એમ.એસ. સહિતના પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ માટે તૈયારી આરંભી છે. બાયડની નારાયણનગર સોસાયટીમાં રહેતા ઉત્તર ગુજરાત વીજ કંપનીના નિવૃત્ત કર્મચારી જયંતિભાઈ પટેલના પુત્ર ડૉ. પથિક પટેલે ડિપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડ ઈન ઓબ્સ્ટ્રેટીક એન્ડ ગાયનોકોલોજીસ્ટની પરીક્ષા તાજેતરમાં યોજાઈ ગઈ જેનું પરીણામ જાહેર થતાં સમગ્ર દેશમાં ઉરમા રેન્ક સાથે અને રાજયમાં પ્રથમ રેન્ક મેળવી મોટી આશા જન્માવી છે. ડૉ.પથિક પટેલની વિરાટ સિદ્ધિને બાયડના ડૉ.દર્શન પટેલ(કેશવ હોસ્પિટલ, બાયડ) ડૉ.ઈશાની પટેલ(ઈશાની ઈ.એન.ટી. હોસ્પિટલ, બાયડ), ડૉ. કૌશિકભાઈ શાહ (વિજયનગર), વગેરેએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

પ્રજાના વર્ષો જૂના પડતર પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવશે : જિલ્લા કલેકટર

અરવલ્લી મેઘરજના કસાણા ગામ ખાતે કલેકટરની અધ્યક્ષતામાં રાત્રી સભા : ૧૦૦ કરોડ રસીકરણ અભિયાન અંતર્ગત કોરોના વોરીયર્સોનું સન્માન કરાયું

અરવલ્લી જીલ્લાના મેઘરજના કસાણા ગામ ખાતે કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયાની ઉપસ્થિતિમાં રાત્રી સભા યોજાઈ હતી. જયાં વર્ષો જૂના પડતર પ્રશ્નોનું અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં નિરાકરણ અંગે ચર્ચા કરાઈ હતી.

આ સભા દરમિયાન વર્ષો જૂના પડતર પડેલ ૨૫ થી વધુ પ્રશ્નો જેવા કે, પાણીની સમસ્યા, કસાણાની આજુબાજુ પોલીસ સ્ટેશનની માંગ, ખેતી માટે જમીન સુધારણાની સમસ્યા, નદી પર પુલ બાંધવા માંગ કરાઈ, માર્કેટિંગ યાર્ડની માંગ, સરકારી સિવિલ હોસ્પિટલની માંગ, મેઘરજમાં મોર્ડન સ્કુલ, સરકારી કોલેજ, સાયન્સ સ્કુલ, કાચા રસ્તાઓને પાકા બનાવવા, વારંવાર વીજળી જતી રહેતી હોવાની સમસ્યા,

કસાણામાં સબ સ્ટેશનની માંગ, દેંના બેંકને પુનઃ ચાલુ કરવા માંગ કરાઈ, ઝુંપડ પટ્ટીની અરજીઓનો નિકાલ કરવા તાકીદ, નવીન આંગણવાડી માટે માંગ, કોરોના દરમિયાન બંધ કરેલ બસોને પુનઃ ચાલુ કરવા, ડૉ.બાબાસાહેબ ભવન બનાવવા, વારંવાર ગટર ઉભરાવાની સમસ્યા, ખેડૂતોને કોઈ ટેકનીકલ કારણોસર રૂ.૨૦૦૦ ની સહાય મળવાપાત્ર થાય તે માટે અપીલ તેમજ ખેડૂતોને આ વર્ષ દરમિયાન પાકોમાં થયેલા નુકશાન અંગે રાહત પેકેજ પેટે સરકારશ્રી તરફથી સહાય મળે તેવી રજુઆતો ગ્રામજનો દ્વારા કલેકટરશ્રી સમક્ષ રજુ કરાઈ હતી.

રાત્રી સભામાં ગ્રામજનોને સંબોધતા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર જણાવ્યું કે, પ્રજાના વર્ષો જૂના પડતર પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવશે. છેવાડાના માનવી કેન્દ્ર તથા રાજ્ય સરકારની નવી યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચે તથા તે દરેક યોજનાનો લાભ દરેક નાગરિક લેતો થાય તેવા હેતુથી રાજ્ય સરકારના આદેશથી રાત્રી સભાઓ યોજવાનો નવતર પ્રયોગ હાથ ધરાયો છે. છેવાડાના ગરીબ માણસો રાજ્ય સરકાર દ્વારા શરુ કરેલ ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરીને ઘરે બેઠા સરકારની સુવિધાઓનો લાભ લઈ શકે છે. ખેડૂતોને ખેતી કરવા માટે ખેતીવાડી વિભાગનો સંપર્ક કરીને તેમણે મળતી સહાયો તેમજ અન્ય લાભો લેવા માટે અપીલ કરી હતી.

ચોંકાવનારૂ તારણ : જિલ્લામાં ૨૫ ટકા લોકોને ઝડપથી અંધાપો આવી રહ્યો છે

આગામી વર્ષોમાં અંધાપાનું પ્રમાણ વધવાની દહેશત

બાયડ(બ્યુરો ઓફિસ), તા.૨૨

જિલ્લામાં દરવર્ષે ૨૦૦ થી વધુ નેત્ર નિદાન કેમ્પ યોજાઈ રહ્યા છે જેમાં ૧ લાખથી વધુ લોકો તેનો લાભ લઈ રહ્યા છે.



તપાસ બાદ તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા કારણ કે જિલ્લામાં ઝડપથી અંધાપો વધી રહ્યો છે. ૧ લાખમાંથી ૨૮ હજારથી વધુ લોકોને મોતીયા હોવાનું સરેરાશ જણાઈ આવ્યું છે.સેવાભાવી સંસ્થાઓ દ્વારા મફત ઓપરેશન સહિતની સુવિધાઓ પણ આપવામાં આવી રહી છે.જ્યારે નવી પેઢી અત્યારથી જ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, ટીવી સામે દિવસ પસાર કરતી હોવાથી આગામી વર્ષોમાં નાની ઉંમરે જ અંધાપો આવી જાય તેવી દહેશત આઈ સ્પેશ્યાલીસ્ટ તબીબોએ સેવી હતી.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આંખનું રતન જાળવવા માટે અનેક સેવાભાવી સંસ્થાઓ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સેંકડો નિદાન કેમ્પ યોજી અનેક ગરીબ તેમજ મધ્યમ વર્ગીય પરિવારોને મફતમાં મોતીયાના ઓપરેશન કરાવી મફત નેત્રમણી મૂકી આપે છે જેના કારણે નવી રોશની પ્રાપ્ત થતાં આદિવાસી, ઓ.બી.સી., એસ.સી. જેવા ગરીબ પરિવારના આશીર્વાદ આવી સંસ્થાઓને મળી રહ્યા છે મફત નેત્ર નિદાન કેમ્પમાં અસંખ્ય દર્દીઓ ઉમટી પડ્યા હતા જેમાં મોટાભાગનાની દ્રષ્ટી ઝડપથી કમજોર પડી રહી છે.

આ સરકાર તમને કહેવા આવી છે... ઘેર ઘેર ફરીને કહો જરૂરિયાત મંદ સેવા સેતુનો લાભ લે આશીર્વાદ તમને મળશે : રાજ્ય મંત્રી ગજેન્દ્ર પરમાર

રાજ્ય સરકાર દ્વારા સાતમા તબક્કાના રાજયવ્યાપી સેવા સેતુ નો પ્રારંભ કરીને જનતાને ઘરઆંગણે જનસેવા કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ કરાવવા સાથે વન-ડે ગવર્નન્સ પદ સેવાનો લાભ આપવાના આશયથી સેવા સેતુ નો કાર્યક્રમ જિલ્લા તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી ક્લસ્ટર બનાવીને ઓન ધ સ્પોટ સેવા આપવાની સુવિધા વહીવટીતંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેના ભાગ રૂપે આજે પ્રાંતિજ તાલુકાના મહાદેવપુરા (ઘડી) ખાતે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે સેવા સેતુ કાર્યક્રમ ને દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને રૂ. ૯.૨૮ લાખના ખર્ચે સુવિધા યુક્ત

ગ્રામ પંચાયતનું મંત્રી શ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અને ક્લસ્ટરના ગામોના લાભાર્થીઓને સહાયના હુકમ પત્રો તથા નવા રેશનકાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર તમને કહેવા આવી છે કે ઘેર ઘેર ફરીને કહો કે જરૂરિયાત મંદ આપણા આંગણે આવેલા આ સેવા સેતુ નો લાભ લે એક દિવસ મંદિર નહિ જાવ તો ચાલશે પણ ગરીબ નિરાધાર વૃદ્ધ અપંગ અશક્ત લોકોને આધારકાર્ડ, માં કાર્ડ, આરોગ્ય પી.એમ.જે.વાય નો લાભ અપાવો તો તમને આશીર્વાદ મળશે. હું પણ આજે આ ગામે બે કલાક સુધી બેસવાનો છું. તમારી નાની-મોટી રજૂઆતો સાંભળવાનો છું, વિકાસના કામો અંગેના પ્રશ્નો હશે તો હલ કરવામાં આવશે અને શાળામાં જે જરૂરિયાત હશે તે પણ પૂર્ણ કરવામાં આવશે. આજે અહીં નોટરી, ઝેરોક્ષ, સુવિધા સાથે વિવિધ યોજનાઓનાં ફોર્મ પણ ઉપલબ્ધ છે, અને તે ભરીને આપશો એટલે તમે પાત્રતા ધરાવતા હશો તો તરત જ લાભ મળી જશે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર તમારે દ્વારે આવી છે. ગ્રામ પંચાયતની બોડી તથા તાલુકા જિલ્લા સદસ્ય ને પણ અપીલ કરું છું વધુમાં વધુ લોકો આ સેવાનો લાભ લે અહીં પદ જેટલી જન સુવિધા નો લાભ મળશે. ગામમાં ગટર, રસ્તા, કુવો બનાવવા અંગે રજૂઆતો ન કરી હોય છતાં લોક પ્રશ્નોને ધ્યાને રાખીને આપવામાં આવ્યા છે.